# ગીતમાં 'ગીત' નથી, આ અસલ એની રીત




નબોલવામાં નવ ગુણ

★ નટવર પંડ્યા

આજના હિન્દી ફિલ્મોના ગીતો સાંભળો તો સમજાય નહીં પણ જુઓ તો આનંદ આપે. તેથી તેને સાંભળવાના નહીં પણ જોવાના હોય છે. એ ગીતોને ધ્યાનથી જુઓ એટલે બાકીનું બધું આપોઆપ કાનમાં સંભળાય. અહીં લખ્યું છે કે 'ધ્યાનથી જુઓ' પણ ધ્યાનથી જોવાની જરૂર નથી. જુઓ એટલે ધ્યાન આપો આપ લાગી જાય અને એવું લાગી જાય કે દર્શક સંપૂર્ણપણે ધ્યાનમગ્ન થઈ જાય. ઘણીવાર તો હિન્દી ફિલ્મના ગીતો મગજ પર એવી ઘેરી છાપ થોડી જાય છે કે જાતકને પૂછીએ કે 'એ ગીતમાં હિરોઈન સાથે હીરો કોણ હતો?' તો એ ખ્યાલ પણ રહેતો નથી કારણ કે ગુરુ દ્રોણની પરીક્ષા વખતે અર્જુનનું ધ્યાન જેમ ચકલીની આંખ પર જ હતું એવું જ અહીં હોય છે. પ્રેક્ષકોનું ધ્યાન હિરોઈન પર જ હોય છે. આમ અહીં ગીત વિશે જ વાત હોવા છતાં એમાં ગીતના શબ્દો અને સંગીત વિશે ખાસ કંઈ ન આવે તો પણ વાચક મિત્રોએ સહન કરી લેવું કારણ કે આ આજના હિન્દી ફિલ્મના ગીતોની વાત છે. આ ગીતોમાં ગીત સિવાયનું બધું જ હોય છે. એટલે સરવાળે ગીત ગોત્યું જડતું નથી. બસ, રૂપેરી પડદે જે કંઈ રજૂ થાય એને ગીત ધારી લેવાનું.

આ વાત એટલા માટે યાદ આવી કે થોડા દિવસ પહેલા હું અને મારો મિત્ર એક હિન્દી ફિલ્મ જોવા ગયા. ફિલ્મમાં એક ગીતની ધબધબાટી પર પ્રેક્ષકો ઝુમી ઉઠ્યા. ફિલ્મ પૂરું થયા પછી મેં મારા મિત્રને પૂછ્યું કે ગીતના શબ્દો શું હતા? ગીતનું મુખડું શું હતું? પણ મિત્રનુ ધ્યાન સંપૂર્ણપણે હિરોઈનના મુખડા પર જ હોવાથી ગીતનું મુખડું તેને યાદ રહ્યું નહીં. આજે હિન્દી ફિલ્મોના ઘણા ખરા ગીતો આ પ્રકારના જ હોય છે. મુખડું કે પૂંછડું કાઈ ખબર જ ન પડે. આજકાલ ચિત્ત એકાગ્ર કરવા માટે માણસ બહુ ભટકે છે પણ ચિત્ત એકાગ્ર કરવાનો આ એક અત્યંત અને વ્યવહારુ માર્ગ છે આવા ગીતો જોવાનો. અહીં ચિત્ત એકાગ્ર કરવા માટે કોઈ ગુરુ, બાપુ કે સ્વામીની જરૂર પડતી નથી. અહીં તો હિરોઈન ફક્ત ચલચિત્ર સ્વરૂપે ઉપસ્થિત હોય છે છતાં ઘણાનું ચલિતચિત્ત આવું ચલચિત્ર જોઈને એકાગ્ર થઈ જાય છે. ઘણીવાર ચિત્ત એકાગ્ર થવાના કારણો સાવ અનોખા હોય છે. કોઈ કવિએ લખ્યું છે કે 'ગીત ગોત્યું ગોત્યું ને ના જડ્યું' આ પંક્તિ મને આજના હિન્દી ફિલ્મના ગીતો જોતી વખતે ખાસ યાદ આવે છે કારણ કે એમાં ગીત ક્યાંય ગોત્યું જડતું નથી.

કોઈપણ હિરોઈન આવું જિમ્નાસ્ટિક નૃત્ય કરતી વખતે પોતાના ભવિષ્યની કે દેશના ભવિષ્યની પણ ચિંતા કરતી નથી. ભલે એ ન કરે પણ આપણને તો તેની ચિંતા થાય જ ને! જોકે કેટલીક હિરોઈનોને ઘડપણ આવતું જ નથી અને તેનું આવું કસરતી નૃત્ય જોઈને આપણને લાગે કે તેણીને એક દિવસ જરૂર ખૂબ મોટી સફળતા મળશે. ઘણીવાર તો આ નૃત્ય એટલું બધું લાંબુ ચાલે કે આપણને કહેવાની ઈચ્છા થાય કે 'માવડી હવે બસ કરો, ખમૈયા કરો' પણ સદભાગ્યે ત્યાં તો વિલન પ્રવેશી જાય અને નૃત્ય બધું રફેદફે થઈ જાય છે. જો હિન્દી ફિલ્મોમાં વિલેન ન હોત તો આવા નૃત્યો ક્યારેય પુરા થાત જ નહીં.

આજના હિન્દી ફિલ્મના ગીતો જોયા પછી કંઈક અનોખા જ વિચારો આવે છે ('અનોખા' એટલે હાસ્યના એમ સમજવું) આવા ગીતોમાં હિરોઈન જે રીતે છૂટથી છલાંગો મારતી હોય છે તેને આપણે નૃત્ય કહીએ નૃત્યના આ અઘટિત કૃત્ય દ્વારા હિરોઈન અને એમની ટોળકી એટલો બધો ઉપદ્રવ મચાવે છે કે આપણને સિનેમા હોલ છોડી જવાનું મન થાય.ઘણી વાર તો હિરોઈન તેના ઘૂંટણ દાઢીએ અડાડવાની કસરત કરતી હોય એવું લાગે. જો કે આ કોશિશ ઘણી કષ્ટદાયક હોય છે આમ છતાં તે આવું બધું ન કરવાનું કરે છે.કારણ કે તે હિરોઈન છે આમ કરવાથી તેને ઘડપણમાં સાંધાનો દુખાવો થવાની શક્યતા વધી જાય છે. જોકે હિરોઈનને ઘડપણમાં સાંધાનો દુખાવો થાય તો એને ક્યાં ઘૂંટણ દાઢીએ અડાડવાના હોય છે. ઘડપણમાં તો ગોવિંદ ગાવાના હોય! જો કે એમનો ગોવિંદ એ જાણે. પહેલાની જૂની ફિલ્મો અને બ્લેક એન્ડ વ્હાઈટ ફિલ્મોમાં ઘણા ગીતો એવા હોય છે કે સંપૂર્ણ ગીતમાં ફક્ત બે ત્રણ વાદ્યોનો જ ઉપયોગ થયો હોય છે ત્યારના સંગીતકારો ઓછામાં ઓછા વાદ્યો વડે વધુમાં વધુ કર્ણપ્રિય ગીતોનું સર્જન કરતા. અત્યારે 'જરા' જુદું છે ('જરા' એટલે 'ઘણું' સમજવું) અત્યારે ગીતમાં હિરોઈન ઓછામાં ઓછા વસ્ત્રો પહેરે છે અને જે પહેર્યા હોય છે એ પણ મહદઅંશે પારદર્શક હોય છે ફિલ્મવાળાઓનું માનવું છે કે આવા ગીતો વધુને વધુ જોવાલાયક માણવાલાયક બને છે. આમ, આજની હિરોઈનોએ જૂની પેઢીના સંગીતકારોને જડબેસલાક જવાબ આપ્યો છે કે જે રીતે તમે ઓછામાં ઓછા વાદ્યો દ્વારા કર્ણપ્રિય ગીતો સર્જી શકો છો એ જ રીતે અમે ઓછામાં ઓછા વસ્ત્રો દ્વારા ચક્ષુપ્રિય ગીતો સર્જી શકીએ છીએ. આ રીતે આજે હિરોઈનો પણ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દે છે આવા ગીતો જોવામાં પ્રેક્ષકો એટલા બધા 'તન'મય (તન્મય નહીં.) થઈ જાય છે કે હિરોઈન સાથે અકારણ ઉછળકૂદ કરતાં હીરોને ગીતમાં અધવચ્ચેથી જ બોચી પકડીને બહાર ખેંચી લેવામાં આવે તો પણ રસક્ષતિ થતી નથી. વળી જૂના જમાનાના ગીતકારો સંગીતકારો ગીતને વધુને વધુ કર્ણપ્રિય બનાવવા માટે, ડેપ્થવાળું બનાવવા માટે વિવિધ પ્રકારના વાદ્યોના પ્રયોગો કરતા એ જ રીતે અત્યારે ગીતોને ચક્ષુપ્રિય બનાવવા માટે ડિરેક્ટર હિરોઈન પર વિવિધ પ્રકારના પ્રયોગો કરે છે તેના પર વરસાદ વરસાવે છે નદીમાં નવડાવે છે (તરતા ન આવડતું હોય તો પણ!) ઘાસવાળી ઢાળ ઊતરતી ટેકરીઓ પરથી નિર્દયપણે ગબડાવે છે આ રીતે પોતાનું ગાડું ગબડાવે છે વરસાદ પછી તરત જ તાપણું સળગાવે છે ઘણીવાર એ પ્રશ્ન થાય કે હિરોઈન આખા ગીત દરમિયાન અથાક પરિશ્રમ કરે છે, કઠોર કસરત કરે છે તો પછી તાપણાની શી જરૂર! ગીતમાં કસરત જ એવી હોય છે કે હિરોઈનને પરસેવો વળી જાય અને શરીરમાં આપોઆપ ગરમી આવી જાય. છેવટે આવા તાપણે તપીને પછી હિરોઈન કપડા બદલતી હોય તે પણ આછું પાતળું દર્શાવવામાં આવે છે. જેથી દર્શકો ભાવવિભોર થઈ જાય છે, ટૂંકમાં આજના ગીતો ભાવવિભોર થઈને જોવાના હોય છે આવા એક એકથી ચડિયાતા ચક્ષુપ્રિય ગીતો હોય તો પછી કાન ને અને મગજને થોડો આરામ આપોને જોયા કરો.

કહેવાય છે કે કોઈ યુવાન પ્રેમમાં પડે એટલે મોટાભાગે તે કવિ થઈ જાય છે, કોઈ ગાયબ થઈ જાય છે તો કોઈ ગાંડો પણ થાય છે. ફિલ્મોમાં પણ પ્રેમીઓ ગીતો ગાઈને લાગણી વ્યક્ત કરતા હોય છે આજના ફિલ્મી ગીતોમાં એવું છે કે તેમાં પ્રેમીઓ ગાયને કે નાહીને એટલે કે ગાતાં ગાતાં અને નાહતાં નાહતાં લાગણીઓ વ્યક્ત કરતા હોય છે જેમ શેર બજારનો ખેલાડી ગ્રાહકોને ધોળા દિવસે વગર પાણીએ નવડાવે છે તેમ ચલચિત્રનો ડિરેક્ટર હિરોઈનને ધોળા દિવસે નવડાવે છે. અલબત્ત પાણીથી (હિરોઈન પણ શેર બજારમાં ફરતી હોય તો ભાગ્ય એના)પણ ચલચિત્રની હિરોઈન કમાલની હોય છે. તે ફુવારા પદ્ધતિથી નહાતા નહાતા પણ મધુર સ્વરે અને તાલબદ્ધ રીતે ગીતો ગાઈ શકે છે. ઘણા ગીતોનો તાલ તો એવો અઘરો હોય છે કે મહાવરો કરીને તૂટી જઈએ તો પણ તાલ ન પકડાય અને આ હિરોઈન નહાતા નહાતા તાલ પકડી લે છે ત્યારે આપણને એના પર માન થઈ જાય છે. (જોકે માન તો પહેલેથી જ હોય, લગભગ બધી જ હિરોઈન પ્રત્યે) ચલચિત્રમાં હીરો-હીરોઈન જે રીતે નહાતા નહાતા ગાતા હોય છે. એવું ફિલ્મોની બહાર જોવા મળતું નથી. (એ સારું છે.) સામાન્ય રીતે બહારના પ્રેમીઓ ગાવાના અને નાહવાના કાર્યક્રમો ખાનગી ધોરણે કરતા હોય છે. પણ આજના હિન્દી ફિલ્મ ગીતોમાં તો બંને જણ ગાતા હોય છે નાહતા પણ હોય છે અને ભીના ભીના ડાન્સ પણ કરતા હોય છે.

**ફિલ્મોમાં પણ પ્રેમીઓ ગીતો ગાઈને લાગણી વ્યક્ત કરતા હોય છે આજના ફિલ્મી ગીતોમાં એવું છે કે તેમાં પ્રેમીઓ ગાયને કે નાહીને એટલે કે ગાતાં ગાતાં અને નાહતાં નાહતાં લાગણીઓ વ્યક્ત કરતા હોય છે જેમ શેર બજારનો ખેલાડી ગ્રાહકોને ધોળા દિવસે વગર પાણીએ નવડાવે છે તેમ ચલચિત્રનો ડિરેક્ટર હિરોઈનને ધોળા દિવસે નવડાવે છે**

આ બધું એક સાથે હોય ત્યારે ગીતો ખરેખર 'જોવાલાયક' બને છે. વળી આવા ગીતો ફક્ત બે વ્યક્તિ એ જ ગાવાના હોય છે પણ આજકાલ તો ફિલ્મોમાં હીરો હીરોઈન સાથે આખું ટોળું હોય છે આપણને એમ થાય કે શું આ બધા જંગલમાં જઈને કબડ્ડી રમવાના હશે! આવા ગીતોને ટોળા ગીતો પણ કહેવાય એમાં આ લોકો જે રીતે તોફાને ચડે છે ત્યારે એ સમજાતું નથી કે ગીત ગાવા નીકળ્યા છે કે બજારો બંધ કરાવવા! ગીત શરૂ થાય એટલે જાણે કે લશ્કર સરહદ પર કવાયત કરતું હોય એવું લાગે. જો બે પ્રેમીઓએ સાદો પ્રણય જ કરવો હોય તો તેમાં બીજા બસ્સો જણને શા માટે ઠેકડે ચડાવવા જોઈએ. આ રીતે કેટલી બધી માનવ ઊર્જા વેડફાય છે. તેથી જ અમને આ વાત ગળે ઊતરતી નથી, પણ આજની પેઢીને ગીતો ગળે ઉતરી જાય છે. માટે કરો જલસો.

### *ગરમાગરમ:-*

**જેમ-જેમ શેર બજાર ઘટે છે, તેમ-તેમ જ્ઞાન વધે છે અને અંતે એક સમયે આવે છે, જ્યારે મોક્ષ પ્રાપ્ત થાય છે, "તમે શું લાવ્યા હતાં, 'ને શું લઈ જશો!"**